# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૩૧/૦૭/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

શૈલેષભાઈ પટેલ

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના આઈ.ટી. અને સોશીયલ મીડીયા વિભાગ સાથે જોડાવાની સુવર્ણ તક.**
- **રાષ્ટ્રહિતમાં યોગદાન આપવા સહિત દેશના લોકપ્રિય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના "એક ભારત, નેક ભારત, વિકાસશીલ ભારત"ના સ્વપ્નને સાકાર કરીએ.**
- **ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના સંગઠનના પદાધિકારીઓ દ્વારા વોલેન્ટીયર બનવા માટેનું બેનર લોન્ચ કરાયું.**
- **ઈચ્છુક નવયુવાનોએ it.bjpsurat.org પર જઈ રજીસ્ટ્રેશન કરવું.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

આજ રોજ તા. ૩૧/૦૭/૨૦૧૮, મંગળવારના રોજ ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના સંગઠનના પદાધિકારીઓ દ્વારા પાર્ટીના વોલેન્ટીયર બનવા માટેનું બેનર લોન્ચ કરાયું હતું.

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના આઈ.ટી. અને સોશીયલ મીડીયા વિભાગ દ્વારા પાર્ટીના વોલેન્ટીયર બનવા માટે એક વિશેષ વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. રાષ્ટ્રહિતમાં યોગદાન આપવા સહિત દેશના લોકપ્રિય આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "એક ભારત, નેક ભારત, વિકાસશીલ ભારત"ના સ્વપ્નને સાકાર કરવા ઈચ્છુક નવયુવાનોએ it.bjpsurat.org વેબસાઈટ પર જઈ પોતાનું રજીસ્ટ્રેશન કરવું પડશે.

રાષ્ટ્રહિતને સર્વોપરી માનનારા નવયુવાનો માટે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાવાની આ સુવર્ણ તક છે. ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના આઈ.ટી. અને સોશીયલ મીડીયા વિભાગ સાથે જોડાઈને નવયુવાનો પોતાના વિચારો, આમ જનતાના પ્રાણ પ્રશ્નો સહિત અન્ય સમસ્યાનું નિરાકરણ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.







પ્રસ્તુત તસ્વીરમાં ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના આઈ.ટી. અને સોશીયલ મીડીયા વિભાગ સાથે જોડાવા માટેનું બેનર લોન્ચ કરતા સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, શહેર ઉપપ્રમુખ શ્રી પી.વી.એસ. શર્મા અને આઈ.ટી. સેલના કન્વીનર શ્રી વિક્રમ બર્તવાલ નજરે પડે છે.